Seat No. : ______________

# TN-103

**B.A. Sem. - III**
**May-2013**

## Gujarati (Core 201)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (૧) સૂચના પ્રમાણે ઉત્તર આપો.
(૨) જમણી તરફના આંક ગુણ દર્શાવે છે.

૧. (અ) નિબંધના સાહિત્ય સ્વરૂપની સમજૂતી આપી, લક્ષણોની ચર્ચા કરો. ૭

**અથવા**

નિબંધ સાહિત્ય સ્વરૂપના મુખ્ય ઘટક તત્ત્વોનો પરિચય કરાવો.

(બ) "ફક્ત ગુજરાતી સાહિત્યમાં જ નહિ પ્રકૃતિદર્શનની વિશેષતાને કારણે વિશ્વ સાહિત્યમાં એ પુસ્તક ચિરંતન સ્થાન પ્રાપ્ત કરશે." ચંદ્રવદન મહેતાના આ વિધાનને – "હિમાલયનો પ્રવાસ"ના પ્રકૃતિ વર્ણન સંદર્ભે સમજાવો. ૭

**અથવા**

'હિમાલયનો પ્રવાસ'માંથી 'ટેહરી' પ્રકરણનો આસ્વાદ કરાવી, લેખકની વર્ણનકળાનો પરિચય કરાવો.

(ક) કોઈપણ **એક** વિશે વિવેચનાત્મક નોંધ લખો : ૭

(૧) 'હિમાલયનો પ્રવાસ'માં કાકાસાહેબ કાલેલકરની ભાષા શૈલી.

(૨) 'રામની રાજધાની'માં અયોધ્યા દર્શન

(ડ) કોઈ **એક** નિબંધની ચર્ચા કરો : ૭

(૧) સાહિત્ય અને સમૂહ માધ્યમો

(૨) નરસિંહ – મીરાંની પ્રેમલક્ષણા ભક્તિ

૨. (અ) વિવેચનાત્મક નોંધ લખો : (કોઈપણ **એક**) ૪

(૧) ગુજરાતી લલિત નિબંધના ઉદ્‌ભવમાં કાલેલકરનું પ્રદાન

(૨) ગુજરાતી નિબંધના વિકાસમાં સુધારક યુગનું પ્રદાન

(બ) ટૂંકનોંધ લખો : (કોઈપણ **એક**) ૪

(૧) 'હિમાલયના પ્રવાસ'નો ઈતિહાસ ટૂંકમાં વર્ણવો.

(૨) 'જમનોત્રી'માં પ્રકૃતિ દર્શન

(ક) **એક** વાક્યમાં ઉત્તર આપો : ૪

(૧) કયા કયા સ્થળોની યાત્રા ત્રિસ્થલી યાત્રાના નામથી ઓળખાય છે ?

(૨) 'નગાધિરાજ' પ્રકરણ સંદર્ભે હિમાલય કોનું આદ્યસ્થાન છે ?

(૩) 'કેદારનાથ' પ્રકરણમાં સંન્યાસીઓના દસ ફિરકા માટે કયો શબ્દ પ્રયોજાયો છે ?

(૪) હિંદુ અને મુસ્લિમ સંસ્કૃતિનો સમન્વય સાધનાર કયા સંત બનારસમાં થયા ?

(ડ) કોઈપણ **એક** નિબંધ વિશે નોંધ લખો : ૪

(૧) સાહિત્ય અને સમાજ એક સિક્કાની બે બાજુ.

(૨) મને આ પુસ્તક ખૂબ જ ગમે છે કારણ કે_____ (ગમતા પુસ્તક વિશે લખો.)

૩. (અ) **એક** વાક્યમાં ઉત્તર આપો : (કોઈપણ **ત્રણ**) ૩

(૧) નર્મદના પ્રથમ નિબંધનું નામ જણાવો.

(૨) કયા યુગના નિબંધની એક લાક્ષણિકતા સામાજિક જીવનદર્શન છે ?

(૩) કાકાસાહેબ કાલેલકરે સાબરમતી જેલના અનુભવો કયા પુસ્તકમાં વર્ણવ્યા છે ?

(૪) સુરેશ જોષીના પ્રથમ નિબંધ સંગ્રહનું નામ શું છે ?

(૫) ૧૯૨૪માં કાકા સાહેબનું કયું પુસ્તક નવજીવન ટ્રસ્ટે પ્રકાશિત કર્યું ?

(બ) ટૂંકનોંધ લખો : (કોઈપણ **એક**) ૩

(૧) 'હિમાલયનો પ્રવાસ'માં ધાર્મિક કથાના સંદર્ભો

(૨) 'ગયાનું શ્રાદ્ધ'નું વર્ણન કરો.

(ક) **ત્રણ-ચાર** લીટીમાં જવાબ આપો : (કોઈપણ **એક**) ૩

(૧) 'નગાધિરાજ'નું સંક્ષિપ્ત શબ્દચિત્ર.

(૨) 'લક્ષ્મણ ઝૂલા'ના પુલનું વર્ણન કરો.

(ડ) કોઈ **એક** વિશે ટૂંકમાં આપના વિચારો દર્શાવો : ૩

(૧) 'પ્રયાગરાજ' નિબંધમાં ધર્મદર્શન

(૨) બદલાતા સમૂહ માધ્યમમાં ઈંટરનેટ

૪. નીચેના પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો : ૧૪

(૧) વિશ્વમાં નિબંધ સ્વરૂપનો પ્રારંભ કોના દ્વારા થયો ?

(a) વોલ્તેર (b) નર્મદ

(c) મોન્ટેઈન (d) ગાંધીજી

(૨) રા.વિ. પાઠકે કયા ઉપનામથી નિબંધોનું સર્જન કર્યું છે ?

(a) શેષ (b) દ્વિરેફ

(c) વાસુકિ (d) સ્વૈરવિહારી

(૩) કાકાસાહેબ કાલેલકરનો જન્મ ક્યારે થયો હતો ?

(a) ૧ જૂન ૧૮૮૮ (b) ૧ ડિસેમ્બર ૧૮૮૫

(c) ૧૪ ફેબ્રુઆરી ૧૮૯૦ (d) ૨૫ જૂન ૧૯૦૧

(૪) હિમાલયના પ્રવાસમાં કાકાસાહેબના સાથી કોણ હતા ?

(a) સુન્દરમ - ઉમાશંકર જોશી (b) મહાત્મા ગાંધી - વિનોબા ભાવે

(c) અનંત બુવા - સ્વામી આનંદ (d) ભોળાભાઈ - રઘુવીર ચૌધરી

(૫) કાકાસાહેબ કાલેલકરની જીવનકથાનું નામ શું છે ?

(a) બઢતે કદમ (b) સત્યના પ્રયોગો

(c) જીવન અવસ્થા (d) મંગલ પ્રભાત

(૬) કઈ યાત્રા પિતૃ ઋણમાંથી મુક્તિ અપાવે છે ?

(a) હિમાલય (b) કાશી

(c) ત્રિસ્થલી (d) પુષ્કર

(૭) ગંગા નદી કયા સ્થળે ઉત્તરવાહિની છે ? (દક્ષિણથી ઉત્તર તરફ વહેતી)

(a) કાશી (b) ઉત્તર કાશી

(c) કોલકત્તા (d) દક્ષિણ ગંગા

(૮) 'હિમાલયનો પ્રવાસ' સંદર્ભે હિમાલય કોનું આદ્ય સ્થાન છે ?

(a) યક્ષ (b) કિન્નર

(c) આર્યો (d) દ્રવિડો

(૯) કાકાસાહેબ કાલેલકર કયા યુગના નિબંધકાર છે ?

(a) અનુગાંધીયુગ (b) આધુનિકયુગ

(c) ગાંધીયુગ (d) સુધારકયુગ

(૧૦) યમની બહેન તરીકે કઈ નદીને ઓળખવામાં આવે છે ?

(a) ગંગા (b) યમુના

(c) કાવેરી (d) યમગંગા

(૧૧) 'ગયાનું શ્રાદ્ધ'માં કઈ નદીને સીતા શાપ આપે છે ?

(a) ફલ્ગુ (b) રૂપેણ

(c) બનાસ (d) સરસ્વતી

(૧૨) બેલુડ મઠમાં કોની સમાધિ આવેલી છે ?

(a) ગાંધીજી (b) સ્વામી વિવેકાનંદ

(c) રવીન્દ્રનાથ (d) ગૌતમ બુદ્ધ

(૧૩) કઈ ભાષાના સાહિત્યસર્જન માટે કાકાસાહેબને 'સવાઈ ગુજરાતી' ઉપનામ મળ્યું ?

(a) હિન્દી (b) ગુજરાતી

(c) અંગ્રેજી (d) મરાઠી

(૧૪) કાકાસાહેબ કાલેલકરનું અવસાન ક્યારે થયું ?

(a) ૨૧ ઓગસ્ટ ૧૯૮૧ (b) ૧ ડિસેમ્બર ૧૯૯૦

(c) ૨૧ જૂન ૧૮૮૫ (d) ૨૧ મે ૧૯૭૫